Skill Based Education (કૌશલ્ય આધારિત શિક્ષણ)

Makwana Pushkar Nandlalbhai
(Lecturer)
Shree Radheshyam D.El.Ed. College – Mahuva,
Dist.-Bhavnagar, Gujarat.

Received: Feb. 16, 2018 Accepted: March 12, 2018

ABSTRACT *જીવનના ઘડતરમાં કૌશલ્યોનું સ્વરૂપ બહોળું છે. કુંભાર માટીના પિંડનેચાકડે મૂકીને બરાબર હાથ ફેરવી આકાર આપે ત્યારે તે યોગ્ય રીતે ઘડાય છે. બાળક મોટું થાય, અને ધીમે ધીમે શિક્ષણ પ્રાપ્ત કરે છે. ઘણી વાર આપણે બોલીએ છીએ કે " ભણેલો છે માણસ પણ ગણેલો નથી" આ ગણેલો શબ્દ ની શરૂઆત ઘડતરથી થાય છે આપણે એવા અસંખ્ય ઉદાહરણ જોઈ શકીએ છીએ કે એક શિક્ષિત વ્યક્તિ સ્કૂટરાઈવરથી સ્વીચના બોલ્ટ ને બેસાડી શકતો નથી પરંતુ આમ કરી શકવું એ કૌશલ્ય આધારિત શિક્ષણની દેન છે.આપણને આવી સામાન્ય બાબતોનું જ્ઞાન હોવું જરૂરી છે. આજે આપણી સરકાર દ્વારા પણ skill based education નો વિચાર મૂકવામાં આવ્યો છે. કેમકે આ શિક્ષણમાં ઘણા ખરા અંશે ઘડતરનું કામ ઓછું થાય છે. જ્યાં બાળક ઘડાય છે. અને એને રોજગારી મળે છે. તેને ખરા અર્થમાં કૌશલ્ય આધારિત શિક્ષણ મેળવ્યું કહેવાય છે.આપણાં શિક્ષણમાં મૂલ્ય આધારિત અને જ્ઞાનસંપાદન માટેના સાતત્ય પ્રયત્નો થયા છે. પરંતુ આનાથી માણસનું પેટ નથી ભરાતું.જો બાળક કૌશલ્ય આધારિત શિક્ષણ નહીં મેળવે તો ખરા અર્થમાં તે અ-શિક્ષિત સાબિત થાય છે. સામાન્ય રીતે જીવનમાં આપણે ઘણું બધુ શિખીએ છીએ . અને મેળવીએ છીએ . પરંતુ જ્યારે જીવનમાં અર્થોપાર્જન કે આર્થિક ઉપાર્જનની વાત આવે ત્યારે કુશળતા કે કૌશલ્ય ના શિક્ષણને પ્રાથમિકતા આપવી પડે છે. અમુક એવા પ્રકારના કૌશલ્યોની આજે આપણે વાત કરીશું જેના દ્વારા આર્થિક ઉપાર્જન દ્વારા કુટુંબનું ભરણપોષણ શક્ય બનાવી શકાય છે. પાપડ વણવા, ખાખરા વણવા, ભરત ભરવું, ઉન ગુથવું, મુર્તિ બનાવવી, સાઇકલ- બાઇક ના પંચર કરવા, રસોઈ બનાવવી, પંખા- લાઇટ રીપેર કરવી, રેટિયો કાંતિ દોરી બનાવવી. આ પ્રકારના ઘણા એવા કૌશલ્યો છે. કે જેના દ્વારા વ્યક્તિ પોતાનું જીવનધોરણ ચલાવી શકે છે.જેના દ્વારા માનવનું જીવનધોરણ તો ઊચું આવ્યું છે, અને સાથે-સાથે આર્થિક ઉપાર્જન પણ થયું છે.*

પ્રસ્તાવના :

જીવન ઘડતર માટેનું શિક્ષણ એટલે કેળવણી કહેવાય છે. બુનિયાદી શિક્ષણ દ્વારા કેળવણીનો પાયો નખાયેલ છે. જીવન ઘડતરનું કામ બે વ્યક્તિઓ દ્વારા થઈ શકે છે. એક છે માતા અને બીજું શિક્ષક દ્વારા. અહિયાં માતા અને શિક્ષકની તુલના નથી , પણ બંને સમાન છે. આપણાં શાસ્ત્રો અને ભારતીય દર્શનમાં તેની ચર્ચા કરવામાં આવી છે. બાળકોને કેળવવા એને જ કેળવણી કહેવામા આવી છે. અને જેની મહદ અંશે કેળવણી નથી થઈ શકી અથવા નથી કેળવાયા તેવું કહીયે ત્યારે તેને "કળ વળી ગઈ છે." એવું ગુજરાતીમાં બોલાય છે.એટલે કે તેઓ પોતાની રીતે ઊભા નથી થઈ શકતા.

કૌશલ્ય નો અર્થ :

સામાન્ય રીતે કૌશલ્ય શબ્દ કુશળતા ઉપરથી ઉતરી આવ્યો છે; આપણે ત્યાં પ્રાચીન શિક્ષણપ્રણાલી માં ગુરૂ શિષ્યને જંગલમાથી વનસ્પતિ લેવા મોકલતા હતા. અને ત્યારે શિષ્ય કુશ નામનું ઘાસ આંગળીઓ વઢાયા વગર લાવતો ત્યારે તે કુશળ ગણાતો સમય જતાં કુશળ શબ્દ સ્થિર થયો અને તેના પરથી કુશળતા એવો શબ્દ પ્રયોજાવા લાગ્યો. અને અત્યારે તો કૌશલ્યને આપણે પ્રાવીણ્ય , પ્રવીણ ,skill એવા પર્યાય શબ્દોથી ઓળખતા થયા છીએ.

મુખ્ય મુદ્દાઓ :

૧)બુનિયાદી શિક્ષણ :

બુનિયાદી શિક્ષણ ની વિચારધારા મૂળ આપણાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી પાસે થી મળેલ છે. બુનિયાદી શિક્ષણ માં બાળક ના ભણતર ની સાથે તેનું ઘડતર પણ થાય છે. આપણે બુનિયાદી શિક્ષણ ને જૂની વિચારધારા સાથે સરખાવીએ છીએ. પરંતુ એમાંથી બાળકને જીવન જીવવાની રીતો પણ શીખવા મળે છે.

બુનિયાદી શિક્ષણ માં બાળક સ્વાવલંબી બને છે. વિદ્યાથી interdependent નહીં પરંતુ self dependent અને self confident બને છે. પોતાના પગ પર ઊભો થઈ શકે છે. બુનિયાદી શિક્ષણ માં બાળક અમુક કૌશલ્યો સહજ રીતે હસ્તગત કરે છે. દા.ત. ખેતી કરવી, રેટીયો કાંતવો,સફાઈ કરવી, બાગબાની કરવી વિગેરે.

૨) I.T.I નું શિક્ષણ :

આજના સમય માં I.T.I. જેવી સરકાર માન્ય સંસ્થાઓ માં skill based education આપવામાં આવે છે. એવા અમુક કોર્સ ની રચના કરી છે, કે જેના દ્વારા બાળકો જીવનપર્યંત નું શિક્ષણ પ્રાપ્ત કરે છે. જેમ કે ....

૧) ફિટર, ૨) ટર્નર , ૩) ઇલેક્ટ્રિશિયન , ૪) વેલ્ડિંગ , ૫) રેફરીજરેટર , ૬) મોટરમિકેનિક ,૭)શિપિંગયાર્ડવર્ક...

ઉપર મુજબ અને તે સિવાયના ઘણાખરા એવા કોર્સ છે. કે જેના દ્વારા બાળક જે તે કામમાં કુશળતા પ્રાપ્ત કરે છે. અને તેને જ કૌશલ્યલક્ષી શિક્ષણ કહેવાશે. આ પ્રકારના કોર્સ શીખ્યા પછી સમાજની અંદર જઈ ઝડપથી અને કુશળતા પૂર્વક આર્થિક ઉપાર્જન કરી શકે છે.

૩) ટેકનિકલ શિક્ષણ :

આજે પણ ઘણી માધ્યમિક શાળાઓમાં ટેકનિકલ શિક્ષણ આપવામાં આવે છે. તેમાં કૌશલ્ય આધારિત શિક્ષણ આપવામાં આવે છે.તેમાં જુદા જુદા ટ્રેડમાં બાળકોને ભણાવવામાં આવે છે. દા.ત.....

-ટર્નિંગ ,- કારપેન્ટરી , - સ્મિધી , - ઇલેક્ટ્રિકલ , - મશીનડ્રોઇંગ વિગેરે..... આ મુજબના વિષયો બાળકો ભણે છે.અને જે તે કામની અંદર વધુ અનુભવે કૌશલ્ય પ્રાપ્ત કરી પગભર બને છે.

અમુક કૌશલ્ય એવા છે કે જેના દ્વારા અભ્યાસ દરમિયાન અને પછી તેનો ક્રમશ: વિકાસ થાય છે. જેમકે

૧) કાર્યાત્મક કૌશલ્ય –

-બૈંકનું ફોર્મ ભરવું
- નકશાઓ વાચવા
- A.T.M. નો ઉપયોગ કરવો
- મોબાઈલનો ઉપયોગ કરવો
- કોંપ્યુટરનો સામાન્ય ઉપયોગ

2) રોજગાર કૌશલ્ય –
- પ્રત્યાયન કરવું
- ટીમવર્ક ઊભું કરવું
- પ્રશ્નોનું નિરાકરણ લાવવું
- આયોજન અને વ્યવસ્થાપન કરવું
- સ્વયમ સંચાલન કરવું
- ટેક્નોલૉજી નું જ્ઞાન હોવું

૩) સાંસ્કુતિક કૌશલ્ય –
- ગીત ગાવું
- નાટક કરવું
- નૃત્ય કરવું

૪) મનોરંજન કૌશલ્ય –
- મદારીનો ખેલ કરવો
- કઠપૂતળી નો ખેલ કરવો
- રમતો રમવી
- સંગીતના વાદ્યો વગાડવા
- જુદી જુદી પ્રવૃતિ કરવી

૫) જીવન જીવવાનું કૌશલ્ય –
- પરિસ્થિતિનો સ્વીકાર
- વ્યક્તિનો સ્વીકાર
- સ્વચ્છંદતા
- સ્વાવલંબન
- પારિવારિકતા

૬) સામાજિક કૌશલ્ય –
- સ્વ: જાગૃતિ અને સહાનુભૂતિ
- આકર્ષક પ્રત્યાયન
- આંતર વ્યક્તિત્વ સંબંધ

ઉપર મુજબના દરેક કૌશલ્યો ખરેખર બાળક / વ્યક્તિ નું ઘડતર કરે છે, અને તેને આર્થિક ઉપાર્જન માટે યોગ્ય બનાવે છે. દા.ત. ....

બૈંકનું ફોર્મ કેવી રીતે ભરવું તે ભણાવવામાં નથી આવતું ,પરંતુ બાળક તેની સૂજ અને કૌશલ્યોથી કરી શકે છે.

- મદારીનો ખેલ કરવો એ પણ એક કૌશલ્ય છે. અને તેના દ્વારા વ્યક્તિ પોતાનું આર્થિક ઉપાર્જન કરી શકે છે.
- પાપડ- ખાખરા વણવા એ પણ એક ગૃહ ઉદ્યોગનું મોટુ કૌશલ્ય છે.સામાન્ય રીતે બહેનો તેમાથી તેમનું આર્થિક ઉપાર્જન કરી શકે છે.
- યોગ્ય અને સારું પ્રત્યાયન કરવું , આયોજન કરવું , ટિમ વર્ક ઊભું કરવું, આ બધા પણ એક રોજગારલક્ષી કૌશલ્ય છે.

ગાંધીજીએ આપણને જીવવાનું બહુ મોટું કૌશલ્ય આપ્યું છે. (life skill) તેના આધારે વ્યક્તિ પોતે સ્વાવલંબી જીવન જીવી શકે છે. બીજા પર આધાર ન રાખતા પોતે પોતાના કાર્યો કરવા વ્યક્તિ-વ્યક્તિ અને સમાજની અંદર પારિવારિકતા કેળવવી એ બહુ મોટું કૌશલ્ય છે. દરેક વ્યક્તિમાં આ કુશળતાઓ જોવા મળતી નથી.પરંતુ આ જ કુશળતાને કેળવી જરૂર શકાય છે.

સંદર્ભસૂચિ:

M. S. Adhila Hassan,
School of Life Skills
Education and social Harmony
RGNIYD UNIVERSITY
Sriperumbudur,-Tamilnadu.